# એક ઈઝરાયલી

–હરનીશ જાની

એરન ઈઝેકલ, ઈઝરાયલી હતો. ઘડાયેલું, બેઠી દડીનું શરીર હતું. ઉપરથી મોટા કપાળવાળો ચહેરો તેને બીજા વર્કરથી જુદો પાડતા. ઉપર ઉપરથી ઈઝરાયલી ઢીલા લાગે; પણ અંદરથી ખુબ કઠણ–મક્કમ હોય છે. જ્યારે એરન તો નખશીખ લડવૈયો લાગતો. ન્યુ યોર્કની, બર્નાર્ડ સ્ક્રીન પ્રીન્ટીંગ કંપનીમાં મારી સાથે એ કામ કરતો હતો. હું તેનો સુપરવાઈઝર હતો. તે દરેક કામ દોડી દોડીને કરતો. તેથી સૌને ગમતો; પણ મને ન ગમતો.

વીક્રમ વૈતાળની વાર્તાઓમાં, આવતા બાબરા ભુતની જેમ તે મારી પાસે આવી કહેતો, ‘જાની, વર્ક ડન. ગીવ મી મોર વર્ક’ મતલબ કે, ‘મને બીજું કામ આપ.’ તેણે કલર–શૉપમાંથી કલર લાવી અને જુદાં જુદાં મશીનો પર ઓર્ડર પ્રમાણે ગોઠવી દેવાના. એ તેની જવાબદારી હતી. એ કામ તે બહુ ચોક્કસાઈથી અને ચપળતાથી કરતો. કદીએ ભુલ થઈ નહોતી. કામ પુરું થયા પછી, બીજા વર્કરની જેમ ટોળટપ્પાં ન કરતાં; મારી પાસે વધુ કામ માંગતો. તો જેનું કામ પુરું ન થયું હોય તેને મદદ કરવા માટે તેને પુછતો.

અમેરીકાની મઝા એ છે કે અહીં દુનીયા આખીની પ્રજા વસી છે. તેમાં પણ અમારી ટેક્સટાઈલ પ્રીન્ટીંગ કંપની તો જાણે યુનાઈટેડ નેશન્સ! મારા ગ્રુપમાં એક સાઉદી અરેબીયાનો બાલુચી નામનો આરબ પણ કામ કરતો હતો. કહેવાની જરુર નથી કે એરનને બાલુચી દીઠો નહોતો ગમતો. અને બાલુચીને એરન નહોતો ગમતો. મારું કામ કુસ્તીના રેફરી જેવું ન બને એટલે મેં સરકસના રીંગ–માસ્ટર જેવું બનાવી દીધું હતું. વાઘ, સીંહને ભેગા થવા જ દેતો નહોતો! તેમ છતાં બન્નેમાં એક સામ્ય હતું. બન્ને વરસાદથી બીતા હતા. એકાદ ઈંચ વરસાદ પડતો હોય તો બન્નેના ફોન આવી જાય કે, ‘જાની, ઈટ ઈઝ રેઈનીંગ. હાઉ કેન આઈ કમ?’ હવે એટલા વરસાદમાં તો કોઈ ઈન્ડીયન છત્રી પણ ન ખોલે! ઉઘાડે માથે જાય!

એરન ઈન્ટેલીજન્ટ હતો; પણ તેને ઈંગ્લીશના લોચા હતા. તે એક દીવસે મારી પાસે આવ્યો, ‘જાની, આ ‘રાઈટાવે’ એટલે શું? બીજો સુપરવાઈઝર ચાર્લ્સ મને કાંઈ કામ આપે છે અને પછી કહે છે, ‘રાઈટાવે’. મેં એને સમજાવ્યું, ‘રાઈટાવે, એટલે ‘રાઈટ અવે’ – ‘હમણાંને હમણાં.’ તે દીવસે મને સમજાયું કે આ ઈઝરાયલી પોતાના લંચ–બ્રેકમાં હીબ્રુ ભાષાનું ન્યુઝ પેપર જ કેમ વાંચ્યા કરે છે.

અમારા પ્લાંટનાં મશીનોના અવાજથી બચવા કારીગરો મારી એર કન્ડીશન્ડ ઓફીસમાં પોતાનું ફુડ ખાવા આવતા ત્યારે એરન અને બીજાઓ સાથે અલકમલકની વાતો થતી. તે અમેરીકા વીશે મારા કરતાં વધુ જાણતો. તે જાણે જ ને! ઈઝરાયલનું અસ્તીત્વ જ અમેરીકાને આભારી હતું. સુપરપાવર દેશ પાસે શસ્ત્રો હોય, પૈસા હોય; પરંતુ તેનાથી વધારે તેમના લોકોનું કેરેક્ટર–ચારીત્ર્ય હોય છે. અને આ ‘કેરેક્ટર’ એટલે ‘સ્વભાવ.’ દાખલા તરીકે જો સ્વચ્છતાનો સ્વભાવ કેળવીએ, સમજીએ અને જીવનભર, દરરોજ જ તેમ કરતા રહીએ તો તે ટેવ, ‘કેરેક્ટર–ચારીત્ર્ય’માં ફેરવાઈ જાય. અને એ સ્વચ્છતાનો ગુણ વ્યક્તીમાં આવી જાય અને આવી જ રીતે ‘પ્રામાણીકતા’ પણ વ્યક્તીમાં આવી જાય. આવા જુદાજુદા ગુણ, દેશની દરેક વ્યક્તીમાં આવે તો પછી દેશનું ‘કેરેક્ટર’ ઘડાય.

તે દીવસે હું સેકન્ડ શીફ્ટમાં હતો. એરન એ બપોરે આવ્યો હતો, કામ કરવા. રાતે ૧૧ વાગે એ છુટવાનો હતો. તે એના બ્રેક ટાઈમમાં રોજની જેમ જ મારી એરકન્ડીશન્ડ ઓફીસમાં સેન્ડવીચ ખાવા આવ્યો હતો. મેં પણ સાથે મારી વેજીટેરીયન સેન્ડવીચ કાઢી. અમે બન્ને વાતોએ વળગ્યા. બાજુમાં રેડીયો વાગતો હતો. રેડીયો પર ન્યુઝ બુલેટીન આવ્યું. તેમાં ન્યુઝ આવ્યા કે, ઈજીપ્તે, ઈઝરાયલ સામે વોર ડીક્લેર કરી છે, (સમય હતો. ઓકટોબર ૧૯૭૩નો)અને ઈજીપ્શીયન ફોર્સીસ ઈઝરાયલ તરફ આગળ વધી રહી છે. એરને અને મેં આ સમાચાર સાથે જ સાંભળ્યા.

એરને સેન્ડવીચ બાજુએ મુકી દીધી અને દોડ્યો લોકર રુમ તરફ. તેણે કપડાં બદલી નાખ્યાં અને મારી ઓફીસમાં આવ્યો. મને કહે, ‘જાની, હું ચાલ્યો. મને રજા આપી દે.’ મને કાંઈ સમજ પડે તે પહેલાં કહે કે, ‘હું જાઉં છું ઈઝરાયલ.’ મેં પુછ્યું, ‘કેમ?’ તો એરન કહે, ‘તેં ના સાંભળ્યું કે ઈઝરાયલ, ઈજીપ્ત સાથે વૉરમાં સપડાયું છે? અને હું ઈઝરાયલી છું. અમારું આર્મી ખુબ નાનું છે.

તેને મારી જરુર છે. તને ખબર છે કે અમારા બધા જ નાગરીકોનું રીઝર્વ આર્મી છે? અમારા દેશના બધા નાગરીકો અમારા આર્મીના સોલ્જર્સ છે. લેડીઝ પણ તેમાંથી બાકાત નથી. અમારે ત્યાં 17થી 49 વરસના દરેકને માટે મીલીટરી ટ્રેનીંગ ફરજીયાત છે. પોલીટીશીયનોને માટે પણ.' મેં તેને સલાહ આપી કે, 'સવારે જજે.' એરનનું કેરેક્ટર મારા ગુજરાતી મગજમાં પેસે એમ નહોતું. તે તરત જ બોલ્યો, 'હમણાં જ હું એપાર્ટમેંટ ઉપર જઈશ અને ત્યાંથી હું રાતની ફ્લાઈટમાં નીકળું તો સવારે તો હું તેલઅવીવ પહોંચી જઈશ.'

આ અગાઉ મેં આવો દેશપ્રેમ કદી જોયો નહોતો. ભારતના વીસ લાખના લશ્કરમાં મારા ગરવી ગુજરાતના બેપાંચેક હજાર પણ સૈનીકો હશે કે? મેં ગુજરાતીઓને તો પોલીસમાં જ ભરતી થતા જોયા છે. અમારા ગામનો મનુ ગંજેરી પોલીસ થયો હતો. તે પણ જ્યારે તેને ખબર પડી કે સરકાર યુનીફોર્મની સાથે પોલીસને સીગારેટ પણ આપે છે ત્યારે જ તે જોડાયો હતો. આ વાત ૧૯૫૫ની છે. આનાથી વધુ દેશભક્તી મેં કદી જોઈ નહોતી. અને અહીં, આ એરનનો બનાવ! હવે આ વાતને વરસો વીતી ગયાં. પણ હું ભુલી શક્તો નથી. આને કહેવાય 'કેરેક્ટર–ચારીત્ર્ય'. હવે આ દેશને –ઈઝરાયલને લાખો આરબો પણ કદી હરાવી શકે કે?

'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.'

આવું વરસોથી સાંભળ્યું હતું; પણ મેં જોયું આજે.
લખ્યા તા. February 14, 2018
–હૃદયસ્થ હરનીશ જાની

*એમની* 393*મી તા.* 2018-02-04*ની 'સ.મ.'માં અમે લખેલું :*

*'હરનીશભાઈ હાલ તેમના આગામી ગ્રંથ માટે 'હાસ્ય–ચરીત્રો' લખવામાં વ્યસ્ત છે.. આગામી દીવસોમાં એમનું એ પુસ્તક '**હાસ્ય–ચરીત્ર**' પ્રકાશીત થઈ રહ્યું છે.. તેમાંનો આ એક નવો લેખ તે 'મીસ્ટર રે લા–શપેલ'. શરુઆતથી જ 'સ.મ.'ના જબરા ચાહક અને સાચા સમર્થક*

*રહેલા ભાઈ હરનીશ જાનીએ, 'સન્ડે ઈ.મહેફીલ' માટે જ આ લેખ, સ્નેહથી લખી મોકલ્યો તે બદલ તેમનો ખુબ આભાર..'*

●●●

*આવું, એમની* 393*મી તા.* 2018-02-04*ની 'સ.મ.'માં અમે લખેલું.* તેઓ કહેતા કે હું જીવનમાં એવાં એવાં પાત્રોને મળ્યો છું કે વર્ષો પછી પણ તેઓ મારો પીછો જ નથી છોડતાં. મારા મગજમાં તેમનું ચીત્ર, વર્તન, સ્વભાવ હજી વર્ષોથી અટવાય, અથડાય, મારી અડફેટે ચડે. મારે એમને મારા લેખોમાં ઉતારવાં છે. અમારા વારંવારના અતીશય ઘોંચપરોણાથી તેમણે થોડાંક પાત્રો વીશે લખ્યું. 'મારા દાજીબાપુ' પછી '**વ્યાસસાહેબ**', '**અંધેરી નગરી અને ગંડુ રાજા**', '**હાર્વી વીલીયમ્સ**', '**એક ઈઝરાયલી**' વગેરે તેમના લેખો આ શ્રેણીના છે. લખીને તેઓ પહેલાં મને મોકલતા.

ત્યાં તો ત્રણ મહીના ચાલેલી ગંભીર માંદગીમાં તેઓ સપડાયા. આમ, વારંવાર હૉસ્પીટલમાં દાખલ થવાની તો તેમને નવાઈ ન હતી. તેઓ ઘણીવાર કહેતા : 'મારું શરીર રોગોની ધર્મશાળા છે.' પણ આ વેળા આ એમની માંદગી છેલ્લી નીવડી અને તે એમને સાથે લઈને જ ગઈ તા. 20-08-2018ના દીવસે. આવા સુહૃદ અંતરંગ મીત્રને ગુમાવતાં દીલનો એક ખુણો જાણે ખાલી થઈ ગયો !

આ સીરીઝનો, મને મળેલો આ છેલ્લો લેખ! શી ખબર, એવા કેટલાયે લેખ એમના લેપટૉપમાં આદરેલા અધુરા હજીયે પડ્યા હશે! એ તો મળે ત્યારે ખરા; પણ અમે એમના જુના ખજાનામાંથી એમની કલમપ્રસાદી અવારનવાર પીરસતા રહીશું અને એમને યાદ કરતા રહીશું.. આપણ સૌની સલામ, હાસ્યના આ બેતાજ બાદશાહને..!

2011માં ઉજવાયેલી હરનીશભાઈની 70મી જન્મજયન્તી નીમીત્તે, અમે તેમના મહેમાન હતાં. તે વહાલાદરની વર્ષા રેલાવતા સુહૃદોથી ઉભરાતા ભવ્ય સમારમ્ભમાં હાજર રહેવાનું સૌભાગ્ય અમને સાંપડેલું. તે પળની એક ભાવપુર્ણ તસ્વીર નીચે..

..ઉત્તમ.મધુ ગજ્જર અને સમ્પાદકો..

◆●◆




◆●◆

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ ચૌદમું – અંકઃ 413 – November 11, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

◆●◆

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,57,66,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,12,48,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,40,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 11,67,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@